# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-05-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કચ્છના નલિયા વાયુસેના મથકની મુલાકાત લીધી
2) અમદાવાદમાં ચંડોળા તળાવમાં બીજા તબક્કાની દબાણ હટાવ કામગીરી શરૂ- અઢી લાખ ચોરસ મીટરનો વિસ્તાર ખુલ્લો કરાશે.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકસિત કરાયેલા રાજ્યના 18 રેલવે મથકોનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે
4) મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે 300 કિલોમીટરના પુલનું નિર્માણ પૂર્ણ
5) દીવમાં યોજાઇ રહેલી ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સમાં આજે બીચ સોકર , મલખમ, પેન્ચાક સિલાટ અને સેપાક ટકરાવ જેવી સ્પર્ધાઓ યોજાઇ.

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CDS KUTCH VISIT

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કચ્છના નલિયા વાયુસેના મથકની મુલાકાત લઇ સશસ્ત્ર દળોની બહાદુરી અને ક્ષમતાની પ્રશંસા કરી હતી. શ્રી ચૌહાણે જવાનો સાથે વાતચીત દરમિયાન ઉભરતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને કાર્યલક્ષી તૈયારી અને સુગમતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. ઓપરેશનના સક્રિય તબક્કા દરમિયાન સુરક્ષા ભંગ કરવાના દુશ્મનના અનેક પ્રયાસને નિષ્ફળ બનાવવામાં ભારતીય જવાનોના સમર્પણ , હિંમત અને અડગ પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડતા જનરલ ચૌહાણે કહ્યું કે આપણા જવાનોએ વ્યાવસાયિકતાના ઉચ્ચતમ ધોરણો જાળવી રાખ્યા છે. પોતાના સંબોધન દરમિયાન તેમણે સ્થાનિક નાગરિક વહીવટી તંત્રનો પણ તેમના સહકાર બદલ આભાર માન્યો હતો. આ મુલાકાત દરમિયાન , શ્રી ચૌહાણે ઓપરેશનમાં ઉપયોગમાં લેવાતી નવીનતમ અને મજબૂત હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ વિશે સમીક્ષા કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે , સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે તાજેતરમાં ભુજ એરબેઝની મુલાકાત લઇ જવાનોના શૌર્યને બિરદાવ્યો હતો.

અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર ભુજ

. . . . . . . . . . . . .

# GOVERNOR RAJBHAVAN

*રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું, પહેલગાંવ હુમલાનો મક્કમતાથી બદલો લઈ સમગ્ર દુનિયાને આપણી એકતાની તાકાત બતાવી છે. ગાંધીનગર રાજભવન ખાતે ગોવા, સિક્કિમ અને મહારાષ્ટ્ર રાજ્યના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી દરમિયાન શ્રી દેવવ્રતે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે દ્રઢ રાજકીય ઈચ્છાશક્તિ અને ત્રણેય સેનાની વીરતાના પરિણામે દેશના દુશ્મનો ગણતરીના સમયમાં ઘૂંટણીયે પડી ગયા. રાજભવનના આમંત્રણ પર આ કાર્યક્રમમાં પધારેલા ગોવા , સિક્કિમ અને મહારાષ્ટ્રના ગુજરાતમાં વસતા લોકોને આવકારીને તેમનું સ્વાગત કર્યું હતું તથા સ્થાપના દિવસ માટે અભિનંદન પાઠવ્યા હતા.*

• • • • • • • • • • • • • •

# AHMEDABAD CHANDOLA DEMOLITION

અમદાવાદમાં ચંડોળા તળાવમાં આજથી બીજા તબક્કાની દબાણ હટાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. બીજા તબક્કામાં છોટા તળાવની આસપાસના દબાણોને દૂર કરાયા છે. પ્રથમ બે કલાકમાં એક હજારથી વધુ કાચા પાકા મકાનો અને ઝૂંપડાઓ હટાવાયા હતાં. આ કામગીરીમાં  ૩ હજારથી વધુ પોલીસ જવાનોનો બંદોબસ્ત ગોઠવાયો હતો. આ અંગે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ભરત પરમારે જણાવ્યું હતું કે ડિમોલેશનની કામગીરી બે દિવસમાં જ પૂર્ણ થશે.જેમાં અઢી લાખ ચોરસ મીટરના વિસ્તારને ખુલ્લો કરવામાં આવશે.

(બાઇટ:  ભરત પરમાર  - ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર)

. . . . . . . . . . . . .

# AMRUT BHARAT RAILWAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકસિત કરાયેલા રાજ્યના 18 રેલવે મથકોનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. આ રેલવે મથકોમાં ઉત્તરાણ, કોસંબા જંકશન, કરમસદ, ડાકોર, ડેરોલ, સામખિયાળી જંકશન, હાપા, કનાલુસ જંકશન , જામવંથલી, મોરબી, મીઠાપુર, ઓખા, જામજોધપુર, લીંબડી, પાલિતાણા, સિહોર જંકશન, રાજુલા જંકશન અને મહુવા સ્ટેશનોનો સમાવેશ થાય છે.160 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલા આ મથકો ગુજરાતની લોક કલા, પરંપરાઓ અને સાંસ્કૃતિક વારસાની ઝલક દર્શાવે છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ દેશભરમાં વિકસાવવામાં આવી રહેલા એક હજાર 300થી વધુ મથકોમાંથી, 103 મથકોની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

. . . . . . . . . . . . .

# BANASKANTHA SIREN

સરહદી ગામોની સુરક્ષા માટે બનાસકાંઠા જિલ્લાના વાવ-સુઈગામ તાલુકાના તમામ 122 ગામો સાયરન એલર્ટ સિસ્ટમથી સજ્જ કરાયા છે. આ સાયરન સાડા ત્રણ કિલોમીટરની રેન્જ ધરાવે છે. વાવના 43 જ્યારે સુઈગામના 79 ગામોમાં ગ્રામ પંચાયત, ડેરી, શાળા વગેરે સ્થળોએ સાયરન સિસ્ટમ સ્થાપિત કરાઈ છે. આ અંગે જિલ્લા કલેક્ટર મિહિર પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ: મિહિર પટેલ, જિલ્લા કલેક્ટર)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

…………………………………

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મૅ-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે. લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 ના માધ્યમથી મોકલી શકે છે. લોકો પોતાના વિચાર નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી પણ મોકલી શકે છે. કાર્યક્રમ માટે 23 મૅ સુધી મંતવ્ય અને વિચાર સ્વીકારવામાં આવશે.

. . . . . . . . . . . . .

# BULLET TRAIN PROJECT

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન માટે 300 કિલોમીટરના પૂલનું નિર્માણ પૂર્ણ થયું છે. સુરત નજીક 40 મીટર લાંબા પૂર્ણ-સ્પાન બોક્સ ગર્ડર મુકાયા બાદ આ સિદ્ધિ હાંસલ થઈ છે. 300 કિલોમીટરના સુપરસ્ટ્રકચરમાંથી 257 કિલોમીટરનું નિર્માણ ફુલ સ્પાન લોન્ચિંગ પદ્ધતિ દ્વારા કરાયું છે , જેમાં 14 નદીના પુલોનો સમાવેશ થાય છે. અંદાજે 37 કિલોમીટરનો ભાગ સ્પાન બાય સ્પાન પદ્ધતિથી , 900 મીટરના સ્ટીલ પુલોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR DEMOLITON

મહીસાગર જિલ્લાના લુણાવાડા નજીકથી પસાર થતી કોલિયા માઇનોર નહેર પર ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી હાથ ધરાઇ. આજે વહેલી સવારથી જ ડાબા કાંઠા કેનાલ વિભાગના 50થી વધુ કર્મચારીઓ આ કમગીરીમાં જોડાયા હતા. અગાઉ અંદાજિત 14 થી 15 દબાણકર્તાઓને નોટિસ આપ્યા બાદ કોઈ નક્કર કામગીરી ન થતા દબાણો વધ્યા હતા.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આજથી 7 દિવસ સુધી છુટાછવાયા સ્થળોએ કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ.કે. દાસે જણાવ્યું કે 22 થી 26 મેના રોજ સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક વરસાદની શક્યતા છે.

(બાઇટ: ડૉ.એ.કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)

મહત્તમ તાપમાનની વાત કરવામાં આવે તો રાજકોટ ખાતે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું તો અમદાવાદ અને ગાંધીનગર ખાતે અનુક્રમે મહત્તમ તાપમાન 40 અને 39 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

. . . . . . . . . . . . .

# GIR SOMNATH RFO ACTION

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડાના મોરાસા ગામ નજીક સિંહની પજવ  ણી કરતાં શખ્સ સામે વન વિભાગે ગુનો નોંધ્યો છે. વેરાવળ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર કે.ડી. પંપાણીયાએ જણાવ્યું કે પાધરુકા ગામના વિજય જખૌત્રા નામના વ્યક્તિએ આ કૃત્ય કરતાં તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

(બાઇટ -- કે.ડી. પંપાણીયા, RFO)

. . . . . . . . . . . . .

# POWER RESTORATION

કમોસમી વરસાદ અને વાવાઝોડાં બાદ રાજ્યના ગામડાઓમાં ખોરવાયેલા વીજપુરવઠાને ફક્ત 48 કલાકમાં પુનઃસ્થાપિત કરાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર મે મહિનાની શરૂઆતમાં ભારે વરસાદને કારણે 7 હજાર 300થી વધુ ગામોમાં ખોરવાયો હતો., જેમાં પ્રથમ 24 કલાકમાં જ 88 ટકાથી વધુ ગામોમાં વીજળી પાછી આવી હતી. ભારે વરસાદ અને વાવાઝોડાથી સૌથી વધુ 11 જિલ્લાના 5 હજાર 822 ગામડાઓ અસરગ્રસ્ત થયા હતા. વીજળીને પુનઃસ્થાપિત કરવા માટે વીજ વિતરણ કંપનીઓની એક હજાર 26 ટીમો અને ટ્રાન્સમિશન કંપનીઓની 87 ટીમ, જોડાઈ હતી.

. . . . . . . . . . . . .

# KHELO INDIA BEACH GAMES

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં યોજાઇ રહેલી ખેલો ઇન્ડિયા બીચ ગેમ્સમાં આજે બીચ સોકર પુરુષ અને મહિલાની સ્પર્ધાઓ યોજાઇ , જેમાં રાજસ્થાન વિરુદ્ધ દાદરા નગર હવેલી અને દમણ દિવ, કેરલા વિરુદ્ધ ગોવા અને મહિલામાં રાજસ્થાન વિરુદ્ધ આંદામાન અને નિકોબાર, ગુજરાત વિરુદ્ધ ઉત્તર પ્રદેશ તેમજ ઓરિસ્સા વિરુદ્ધ મધ્ય પ્રદેશની ટીમોના કુલ 40 ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આ ઉપરાંત આજે મલખમ , પેન્ચાક સિલાટ અને સેપાક ટકરાવ જેવી રમતોનું પણ આયોજન કરાયું , જેમાં દરેક રાજ્યમાંથી આવેલા ખેલાડી ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .